રાજ્યમાં આવેલ તમામ બોર્ડની શાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ ના વર્ગોમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય (Offline Education) શરૂ કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧)
સચિવાલય, સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર
તા. ૧૮/૦૨/૨૦૨૨

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગનો તા. ૦૫/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક

(૨) શિક્ષણ વિભાગનો તા. ૨૭/૦૮/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક (પાર્ટ-૧)

(૩) શિક્ષણ વિભાગનો તા. ૨૧/૧૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧)

(૪) શિક્ષણ વિભાગનો તા. ૧૯/૧૨/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧)

(૫) શિક્ષણ વિભાગનો તા.૩૧/૦૧/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક (પાર્ટ-૧)

(૬) શિક્ષણ વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક (પાર્ટ-૧)

**પ્રસ્તાવના :**

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) હેઠળના ઠરાવથી કોરોના મહામારીના કારણે રાજ્યની શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય બંધ કરવામાં આવેલ હતું. વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના તારીખ ૨૧/૧૧/૨૦૨૧ના ઠરાવથી રાજ્યમાં આવેલ તમામ બોર્ડની શાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ ના વર્ગોમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય પુન: શરૂ કરવામાં આવેલ. ત્યારબાદ શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) હેઠળના તારીખ ૧૯/૧૨/૨૦૨૧ના પરિપત્રથી પ્રવર્તમાન સંજોગોમાં સાવચેતીના ભાગરૂપે સતર્કતા રાખવાની જરૂરિયાત હોઇ રાજ્યમાં આવેલ તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત શાળાઓના શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ ધ્યાનમાં રાખવાની બાબતો પરિપત્રિત કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના સંદર્ભ (૫) હેઠળના તારીખ ૩૧/૦૧/૨૦૨૨ ના પરિપત્રથી રાજયમાં આવેલી તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં માત્ર ઓન-લાઇન શિક્ષણ આપવાની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. છેલ્લે સંદર્ભ (૬) હેઠળના પરિપત્રથી ધોરણ ૧ થી ૯ માં ઓન-લાઇન શિક્ષણ સાથે સાથે શાળાઓમાં ઓફ-લાઇન શિક્ષણ પણ શરૂ કરી શકાશે. વિદ્યાર્થી ઓન-લાઇન કે ઓફ-લાઇન પૈકી પોતાની પસંદગી મુજબ શિક્ષણ મેળવી શકશે. તે મુજબ સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

(પાછળ જુઓ....)

પરિપત્ર :

હવે રાજ્યમાં પ્રવર્તમાન સમયમાં COVID-19 ની પરિસ્થિતિ અનુસાર વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઇ તારીખ ૨૧/૦૨/૨૦૨૨ ને સોમવારથી રાજ્યની તમામ બોર્ડની ધોરણ ૧ થી ૧૨ ની શાળાઓમાં પૂર્વવત રાબેતા મુજબ વિદ્યાર્થીઓની ૧૦૦% હાજરી સાથે ફરજીયાતપણે પ્રત્યક્ષ રીતે વર્ગમાં શૈક્ષણિક કાર્ય (Offline Education) શરૂ કરવાનું રહેશે.

સરકારશ્રી દ્વારા કોવિડ-૧૯ સંબંધિત પ્રસિધ્ધ કરવામાં આવતી વખતો વખતની SOP નું પાલન કરવાનું રહેશે.

કોરોના સમયગાળા દરમિયાન થયેલ લર્નિંગ લોસને પહોંચી વળવા માટે G Shala App નો વધુમાં વધુ ઉપયોગ Blended Learning માટે કરી તમામ સરકારી અને ખાનગી સ્વનિર્ભર શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં ઉપયોગ કરવાનો રહેશે.

(એમ. કે. પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પરિપત્ર:- 37

ક્રમાંક:પરક્ષ/પ્રત્યક્ષ/શિક્ષણ/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૧૯/૦૨/૨૦૨૨

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ કરવા સારુ.બ્લોક બિલ્ડીંગની યાદી આ સાથે સામેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
આ જિલ્લાની તમામ શાળાઓ તરફ
જિ.અમરેલી.

- અગ્રસચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા.શિ. અને મા શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં. ૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર .
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨,ગાંધીનગર.